ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 19th June, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

................................................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જુલાઈ ૨૦૧૭મા યોજવામાં આવશે

## જીલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમીનાર – ૨૦૧૭.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા દર વર્ષે પ્રથમ જીલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજ્ય કક્ષાએ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના ભાગ રૂપે નેશનલ સાયન્સ સેમીનાર – ૨૦૧૭નું આયોજન પ્રથમ જીલ્લા કક્ષાએ ત્યારબાદ રાજ્ય કક્ષાએ થનાર છે. ભાવનગર જીલ્લામાં આ જીલ્લા કક્ષાના સેમિનારનું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરવામાં આવશે. આ સેમીનારનો વિષય : સ્વચ્છ ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની સંભવિત ભૂમિકા અને પડકારો (Swachh Bharat: Role of S&T Promises & Challenges.) રહેશે. જેમાં ઉચ્ચત્તર પ્રાથમિક શાળામાંથી ધોરણ ૮ નો કોઈ પણ એક (૧) વિદ્યાર્થી અને માધ્યમિક શાળામાંથી ધોરણ ૯ અને ૧૦ માંથી એક (૧) વિદ્યાર્થી ભાગ લઇ શકશે.

આ જીલ્લા કક્ષા નેશનલ સાયન્સ સેમીનાર – ૨૦૧૭ માં ભાગ લેવા ઈચ્છતી શાળાએ ભાગ લેનાર વિદ્યાર્થીનું નામ, ધોરણ તથા માર્ગદર્શક શિક્ષકનું નામ, મોબાઈલ નંબર અને ઈ-મેઇલ સહિતની વિગતો શાળાના લેટર હેડ પર તા.૨૦-૦૭-૨૦૧૭ સુધીમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, 'વિજ્ઞાન ભવન', પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, હિલ ડ્રાઈવ, ભાવનગર ખાતે રૂબરૂ, ફોન (0278 2570111 – 110) ઈ–મેઈલ (krcscbvn@gmail.com) અથવા WhatsApp (9979707221) પર મોકલી શકાશે. જે બાબતો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રીની યાદીમાં જણાવેલ છે.

G. I. Dave

(ગોપિકા દવે)

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.